## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*'બાળને આંટો' જેમ જગન્નાથને મનાવી લીધા,*
*'રથયાત્રા'ના નામે ભોળા ભક્તોને બનાવી લીધા,*
*બતાવી દીધા સૂના રસ્તા કર્ફ્યુગ્રસ્ત નગરના -*
*દર્શન વિનાની આ રાજરમતે રડાવી દીધા.*

હાઈકુ

*મેં બહુ બાંધ્યા !*
*તમે પણ જોઈ લ્યો!*
*પાટા બાંધીને !*
*(સરકારી ચાલબાજી)*

*જગન્નાથના*
*નગર ભ્રમણને*
*લાગ્યું ગ્રહણ*
*(નરી આંખે ન જોવાય)*

### ચિંતન

**યદિ સિદ્ધયતિ યેનાર્થ : કલહેન વરસ્તુ સઃ ।**
**અન્યથા આયુર્ધેનસુહૃદયશો ધર્મ હરઃ ॥**

ઉપરોક્ત શ્લોક અષ્ટાવ્રકગીતામાંથી લેવામાં આવેલ છે.

જો કજિયા, કલહ, કંકાસ કરવામાંથી પોતાનો હેતુ સિદ્ધ થતો હોય તો તે કલહ કરવો પણ ઉત્તમ છે, પરંતુ પ્રયોજન વિનાનો વ્યર્થ કલહ કરવાથી તો હંમેશા આવરદા, ધન, મિત્ર યશને સમાજમાં હોય તે પોતાની પ્રતિભા - પ્રતિષ્ઠા પણ નાશ પામે છે.

કેટલાકનો સ્વભાવ ઉધારા કજિયા લેવાનો હોય, પોતાને પોતાનું વળગતું ન હોય, નુકશાન ફાયદો ન હોય છતાં કોઈક વ્યક્તિનું બીજા કોક સાથેનું વર્તન બરાબર નથી, વગેરે પોતાને ન સ્પર્શતી બાબતોમાં દુઃખ લગાડવું, વચ્ચે બોલવું, વાતનો અત્તોપત્તો મેળવેલા માણસનો સ્વભાવ હોય છે.

બીજાનની ખોટી ઉપાધિ-ચિંતા કરવાથી પોતાનું આરોગ્ય બગડે, જીવન-આવરદા ટૂંકાય. ધનહાનિ થાય, મિત્રો દૂર જાય. એ સમજે કે આનો સ્વભાવ કંકાસિયો છે. સમાજમાં આવી છાપનો પ્રચાર થતા લોકો તમારાથી દૂર જાય - બોલવું બોલાવવું બંધ થાય.

### સુવિચાર

- વધારે પડતાં સમજદાર અને વધારે પડતાં મૂરખ વચ્ચે ઝાઝો ફરક નથી, બંને કોઈનું કહ્યું માનતા નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- ધીરે ધીરે એવું કંઈક સમજાય કે, સમય ચુપચાપ ઘણું લૂંટતો જાય છે - **જીવન પાથેય**
- ધનથી નહીં પણ મનથી ધનવાન બનવું, કારણ કે મંદિરના શિખર પર ભલે સ્વર્ણકળશ હોય, પણ માથું તો પત્થરના પગથિયાં પર જ નમાવવું પડે છે - **જન્મભૂમિ**
- સંબંધ બાંધવા એ લોન લેવા જેટલી સહેલી બાબત છે, પણ સંબંધ સચાવવા એ હપ્તા ભરવા જેટલું અઘરું હોય છે - **જન કલ્યાણ**
- બ્રહ્માંડની બધી જ શક્તિ આપણી છે. પણ આપણે આપણી આંખો પર હાથ રાખીને રોઈ રહ્યા છીએ કે કેટલું અંધારું છે!! - **ઓશો**
- તમારા સપના જીવંત રાખો, જો એ સપનાની ચિન્ગારી બુઝાઈ જશે તો તમે જીવતા જીવે આત્મહત્યા કર્યા બરાબર છે - **ડો. કુમાર વિશ્વાસ**
- આજનું ઔષધ : પચ્ચીસ મીલી તુલસી પાનનો રસમાં ચાર ચમચી ખાંડ મેળવી તેનું શરબત બનાવી એક નાની ચમચી સવાર-બપોર-સાંજ પીવાથી કફ સરળતાથી નીકળી જાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

૧૯૭૨માં સાલમાં મ્યુનિક ખાતે રમાઈ રહેલી વિશ્વ ઓલિમ્પિકમાં અમેરિકન તૈરાક માર્ક સ્પીટઝનો જયજયકાર થઈ રહ્યો હતો. તે સ્વીમીંગની વિવિધ સ્પર્ધાઓમાં સાત ગોલ્ડ મેડલ મેળવી વિશ્વનો પ્રથમ ઓલિમ્પિક બન્યો હતો. પત્રકારે માર્કને પૂછ્યું 'આજનો દિવસ આપના માટે નસીબવંતો છે. સાત ગોલ્ડ મેડલ મેળવીને આજે આપ દુનિયાને આપનો નવો પરિચય આપી રહ્યા છો.' પત્રકારની વાત સાંભળીને માર્ક હસી પડ્યા. તેમણે જવાબ આપતાં કહ્યું, 'મહાશય, આપની વાત સાચી છે કે આજનો દિવસ મારા માટે નસીબવંતો છે પણ આ દિવસ જોવા માટે મેં છેલ્લા ચાર વર્ષમાં દસ હજાર કલાક તરવાની પ્રેક્ટિક કરી છે. ૧૯૬૮માં મેક્સિકોમાં રમાયેલી ઓલિમ્પિક વખતે મારે માત્ર બે જ ગોલ્ડ મેડલથી સંતોષ માનવો પડેલો ત્યારે મેં નક્કી કરેલું કે આવતી ઓલિમ્પિકમાં હું એવો દેખાવ કરીશ કે દુનિયા મને યાદ રાખે. મેક્સિકોથી મ્યુનિક સુધીની આ ચાર વર્ષની યાત્રામાં એક પણ દિવસની રજા રાખ્યા વગર રોજના સરેરાશ આઠ કલાકની તરવાની પ્રેક્ટિક કરી છે અને ત્યારે આ નસીબવંતો દિવસ જોવા મળ્યો છે.' અમેરિકન માર્ક સ્પીટ્સ દ્વારા સ્થપાયેલો સાત ગોલ્ડ મેડલ મેળવવાનો વિશ્વવિક્ર છેક ૩૬ વર્ષ બાદ ૨૦૦૮માં બેઈજિંગ ઓલિમ્પિક વખતે અમેરિકન તૈરાક માઈકલ ફેલેપ્સ દ્વારા ૮ ગોલ્ડ મેડલ મેળવીને તોડવામાં આવ્યો.

# ગુજરાતણનું ગરવું સ્થાન જાળવીએ

*તંત્રીસ્થાનેથી...*

સ્ત્રીને દેવીનું સ્વરુપ ગણનારા ભારતીય સમાજમાં એથી તદ્દન સામા છેડાનું પિશાચી વર્તન કરી એને કયારેક હસ્તિનાપુરની રાજસભામાં નિર્વસ્ત્ર કરવાના પ્રયાસો થયા છે, કયારેક છૂપા વેશે એને ભોગવી લઈ અલોપ થઈ જનાર દેવરાજ ઈંદ્રના અપકૃત્યનો ભોગ બની એને ધણીના શાપથી શિલા થઈ જવું પડ્યું છે, કયારેક ભગવાન જેવા ભગવાને એને અગ્નિપરીક્ષામાં તાવ્યા-તપાવ્યા પછી પણ વનવાસ આપ્યો છે અને આખરે એને ધરતીમાં સમાઈ જવું પડ્યું છે. સ્ત્રી સાથેના દુર્વ્યવહારની ઘટનાઓ ગમે તેવા કડક કાયદા કર્યા પછી પણ બંધ નથી થતી. 'ગરવી ગુજરાતણ' જેવી રુપકડણી ઓળખ ધરાવતી સ્ત્રી એકવીસમી સદીના બીજા દાયકામાં પણ બાપડી-બિચારી છે, એનું વરવું ઉદાહરણ ગત સપ્તાહ દરમિયાન દાહોદ જિલ્લાના ખજૂરી ગામમાં બનેલી ઘટના છે. પતિના ત્રાસથી પ્રેમી સાથે રહેવા ચાલી ગયેલી સ્ત્રીને પકડી લાવીને આખા ગામ વચ્ચે મારઝૂડ કરવામાં આવી, એના ખભે બેસાડી પતિનો વરઘોડો કઢાયો અને છેલ્લે એને નગ્ન કરવાના હીન ચેષ્ટાઓ થઈ. આ ઘટનાનો વીડિયો પણ ઉતારાયો અને તે વાઈરલ થયો. દુખિયારી, લાચાર સ્ત્રી એના અણગમતા ઘરવાળાને ઊંચકતાં બે-ત્રણ વાર તો પડી પણ ગઈ. લોકોએ ક્રૂર બનીને એને થયેલી સજા માણી. સ્ત્રી માટે આ દેશમાં શું જ નિયતિ નિર્માયેલી છે? કોઈ પણ સભ્ય પ્રજાને શરમ આવે એવા વર્તન વ્યવહારનો આ કિસ્સો આદિવાસી સમાજમાં બન્યો છે એટલે શું એને નજર અંદાજ કરી દેવાનો ? આદિવાસી સમાજમાં હજી સ્ત્રીને ભૂવો 'ડાકણ' નો સિક્કો લગાડી શકે છે. અભણ સ્ત્રી પુરુષવર્ગની જોહુકમી જીરવતી મરવાના વાંકે જીવી નાખે છે. તાલિબાન જેવી કટ્ટર ઈસ્લામિક પરંપરા જરા જુદી રીતે ભારત જેવા કરુણાપ્રધાન દેશમાં સ્ત્રીની કરુણ દશા જોઈને એમ જ લાગે કે આપણામાં પણ કયાંક ઓછાવત્તા પ્રમાણમાં તાલિબાન તત્ત્વ હયાત છે. હરિયાણાની ખાપ પંચાયતો પ્રેમીઓને ઝાડ સાથે બાંધી કોરડા મારે છે; કયાંક તો દીકરીને આબરૂના નામે ભડાકે દઈ દેવાય છે. બંધારણ અને અદાલતો એમનું કશું બગાડી શકતાં નથી. સરકાર બનાવનારી રાજકીય પાર્ટીઓને એવા માથાભારે દબંગ જુનવાણી ખ્યાલો ધરાવતા રૂઢિચુસ્ત સંસ્કારોવાળા ગામ આગેવાનો અને જ્ઞાતિ વડાઓની ગરજ રહે છે. ગુજરાતના વનવાસી પ્રદેશની ઘટના જો વાઈરલ ના થઈ હોય તો બિચારી લાચાર સ્ત્રી કયાંક ફરિયાદ કરવા પણ જવાની નહોતી. મીડિયાએ એનો હાથ પકડ્યો એથી એનામાં હિંમત આવી છે. હવે એની જનેતા પણ એની વહારે ધાઈ છે. ગુજરાત સરકારે એની ગંભીર નોંધ લીધી છે અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને દોડતા કર્યા છે. આશા રાખીએ કે એ દુખિયારી ગુજરાતણ દ્રૌપદીનાં ચીર પૂરવા આખું ગુજરાત કૃષ્ણસ્વરુપ બની રહે. ક્રૂર પતિને અને એના સમર્થકોને દાખલારુપે સજા થવી જોઈએ અને પીડિતાની માતાની ફરિયાદ મુજબ એને વહેલી તકે એ રાક્ષસના સકંજામાંથી છુટકારો મળવો જોઈએ. બલકે શક્ય હોય તો એને એના મનના માણીગર સાથે રંગેચંગે પરણાવી - વળાવી સરકારે એક ઉમદા ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. આવી પ્રો-એક્ટિવ કામગીરી કરવા જતાં આદિવાસી સમાજનું પંચ આડું આવતું હોય તો એને પણ બોઠપાઠ ભણાવવાની જરૂર છે. મત નહીં મળે - એટલી બીકથી આવા જઘન્ય અપરાધમાં સામેલ ગામ કે સમાજને માફ ન કરી શકાય. મુખ્યમંત્રીશ્રી વિજય રુપાણી માટે ગરવી ગુજરાતણની પુનઃ પ્રાણપ્રતિષ્ઠાની આ ફરજ પણ છે એ તક પણ છે. આશા રાખીએ એ કે એ તક તેઓ ઝડપી લેશે.

# મેઘો વરસ્યો અનરાધાર!!

અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા



'કયા સૂર્યમાંથી જન્મેલો મહાન વંશ? અને ક્યાં અલ્પ મતિવાળો હું? આ તો મારી ઘેલછા છે-હોડકુંલઈનેહુંદરિયોખેડવા નીકળ્યો છું.' મહાકવિ કાલિદાસે 'રઘુવંશ' (ઈ.પૂ. ૫૬) ને પ્રારંભે આમ કહ્યું હતું.

આ મહાન વંશમાં શ્રીરામના પૂર્વજ માંધાતા હતા.

ભગવાન વિષ્ણુના દશ અવતારોની ગણના આ રીતે પણ થાય છે. નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, કલ્કી, નારાયણ, દત્તાત્રેય, માંધાતા, વ્યાસ, ક્રમ જુદ હોઈ શકે.

ભગવાન શ્રીકૃષ્ણે બાલઅવસ્થામાં, ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉઠાવ્યો હતો. રાજા યુવનાશ્વને ત્યાં બાળક જન્મ્યો. માતાના અભાવમાં આનું પોષણ કેમ થાય ? એને ભૂખ લાગે, ત્યારે દેવરાજ ઈંદ્ર એના મુખમાં ટચલી આંગળી મૂકે. એટલે એની ભૂખ શમી જાય. બાળક કહે- મામ્ ધાતા. મને ઈંદ્રએ ટકાવ્યો છે. હોંશથી કહે. એનું નામ જ પડી ગયું - માંધાતા.

યુવનાશ્વ પછી એનો અભિષેક થયો. અયોધ્યાના દરેક નગરજન એનું જાણે કે સંતાન. દરેકને એકસરખો સ્નેહ આપે. પ્રજાને પણ એને માટે પોતાના પિતા જેવો આદર. રાજા પ્રજાનું પાલન સારી રીતે કરે; ધર્મથી, ન્યાયથી, નીતિથી કરે. પ્રજા સુખી હતી.

પણ ઓચિંતાનું કોણ જાણે શું થયું ? વરસાદ વરસતો બંધ થયો. વરસાદ ખેંચાયો. દુષ્કાળ શરૂ થયો. ઘાસચારો સૂકાયો. અનાજની ઊપજ બંધ થઈ. મનુષ્ય, પશુ, પંખી હેરાન પરેશાન થવા લાગ્યાં. જળાશયો સૂકાઈ ગયા. જળચર જીવો મરવા લાગ્યા.

પ્રજાજનો રાજા પાસે આવ્યા. બધા ચિંતાથી વ્યગ્ર હતા. રાજાએ કહ્યું, 'તમે હારન થાવ છો. પ્રજા હેરાન થાય. ચોક્કસ રાજાથી કોઈ, જાણ્યે અજાણ્યે, ભૂલ થઈ હોય; તો જ આમ બને. રાજા જ કાળનું કારણ છે. રાજા કાલાસ્ય કારણમ્' રાજા એ એમને વિદાય આપી.

પોતે ભગવાન વિષ્ણુને પ્રમાણ કર્યા. નગરની બહાર ગયા ત્યાં બ્રહ્મર્ષિ આંગિરસનો આશ્રમ હતો. આ આંગિરસ પણ પોતાના પૂર્વજ હતા. પોતાના તપોબળથી બ્રહ્મર્ષિનાં પદને પામ્યા હતા. માંધાતાએ એમને પ્રમાણ કર્યા. ચિંતા વ્યક્ત કરી.

બ્રહ્મર્ષિએ કહ્યું, - તારી વાત સાચી છે. રાજા જ કાળનું કારણ છે. પરંતુ હવે આ સમય દોષ શોધવાનો નથી. ઉપાય સોધવાનો છે. ઉપાય તને હું બતાવું છું. એકવાર ભગવાન શ્રીકૃષ્ણ એ ધર્મરાદજ યુધિષ્ઠિરને કહ્યું હતું, એ જ હું તને કહું છું.

હવે અષાઢ સુદ અગિયારસ આવશે. તારા દોષનું નિવારણ થઈ જશે. આ મોટી એકાદશી છે. આમાં થયેલું ધર્મકાર્ય ફળ પણ મોટું આપે. આ દેવશયની એકાદશી છે. ચાર્તુમાસનો પ્રારંભ છે. કોઈ પણ આ એકાદશી કરી શકે. ઉપવાસ કરવાનો. તુલસી દલથી વિષ્ણૂ પૂજન કરવાનું. કોઈ પણ એક નિયમ લેવાનો. એ ચાર્તુમાસમાં પાળવાનો. નિયમ વગર ઉપવાસ ન ફળે. તું રાજા છો તારે માટે વિશેષ આ છે - ભૂમિદાન યોગ્ય વ્યક્તિને કરવાનું.

રાજાએ વિદાય લીધી. રાજા અને પ્રજા વચ્ચે પ્રેમ કેવો ? માત્ર રાજા જ નહિ. અયોધ્યાના દરેક ઘરે એકાદશીએ ચૂલા બંધ રહ્યા.

અને પછી મેઘો વરસ્યો અનારાધાર!!

# હરિતક્રાંતિથી કયા પાક ઉત્પાદનમાં મોટો ફાયદો થયો?

ખજાનો

અનિલ પટેલ



## ભારતની અર્થવ્યવસ્થા

૧ આયોજનનો ખ્યાલ કયા દેશમાંથી લેવાયો?
(અ) ચીન (બ) રશિયા
(ક) ઈંગ્લેન્ડ (ડ) અમેરિકા

૨ વિશ્વમાં સૌપ્રથમ 'ગરીબી રેખા'નો ખ્યાલ કોણે આપ્યો ?
(અ) લોડ લ્યોડ (બ) કેલ્વિન
(ક) એડમ સ્મિથ (ડ) જહોન બાથર્ડ

૩ ફુગાવાના લીધે નાણાંની ખરીદ શક્તિમાં કયો ફેરફાર થાય છે?
(અ) ઘટાડો (બ) વધારો
(ક) અનિશ્ચિત (ડ) કોઈ ફેરફાર ન થાય

૪ પ્રથમ રાષ્ટ્રીય આયોજન સમિતિના અધ્યક્ષ કોણ હતા ?
(અ) સરદાર વલ્લભભાઈ પટેલ (બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(ક) સી. રાજાગોપાલાચારી (ડ) જવાહરલાલ નહેરુ

૫ કિંમત નિર્ધારણમાં કયા પરિબળો મહત્ત્વના છે ?
(અ) માંગ (બ) કંપનીની નીતિ
(ક) પુરવઠો (ડ) બધાંય

૬ ભારતમાંથી પ્રાપ્ત ખનીજોમાંથી વિદેશમાં હૂંડીયામણ કમાવી આપતું ખનીજ કયું છે ?
(અ) બેકસાઈટ (બ) યુરેનિયમ
(ક) જસત (ડ) પેટ્રોલિયમ

૭ ભારતમાં મોસમી બેરોજગારી કયા ક્ષેત્રમાં જોવા મળે છે?
(અ) ખાનગી (બ) જાહેર
(ક) બેંક (ડ) ખેતી

૮ બારમાં નાણાપંચના અધ્યક્ષ કોણ હતા?
(અ) પ્રો. ખુસરો (બ) ડૉ. અલઘ
(ક) સી. રંગરાજન (ડ) કે.સી. પંત

૯ 'અર્થશાસ્ત્ર'ના લેખક કોણ છે?
(અ) કૌટિલ્ય (બ) કાર્લ માર્કસ
(ક) કાલીદાસ (ડ) અમર્ત્યસેન

૧૦ હરિતક્રાંતિથી કયા પાક ઉત્પાદનમાં મોટો ફાયદો થયો?
(અ) કઠોળ (બ) તેલીબીયાં
(ક) શાકભાજી (ડ) ઘઉં

૧૧ વિશ્વના ચા ના ઉત્પાદનમાં કયો દેશ અગ્રેસર છે?
(અ) ચીન (બ) ભારત
(ક) શ્રીલંકા (ડ) જાપાન

૧૨ 'રોલીંગ પ્લાન' કયા સમયગાળા માટે હતો ?
(અ) ૧૯૭૫-૮૦ (બ) ૧૯૭૮-૮૦
(ક) ૧૯૭૪-૭૯ (ડ) ૧૯૭૮-૮૩

૧૩ બારણા નાણાપંચે કેટલા ટકા નાણાં રાજયોને આપવાની ભલાણમ કરી હતી ?
(અ) ૨૮.૫ ટકા (બ) ૨૯.૫ ટકા
(ક) ૩૯.૫ ટકા (ડ) ૩૧.૫ ટકા

૧૪ આવક વેરાની કલમ-૮૮ મુજબની શરતો કાઢી નાખવાની ભલામણ કઈ સમિતિએ કરી હતી ?
(અ) ચેલૈયા સમિતિ (બ) શોમ સમિતિ
(ક) કેલકર સમિતિ (ડ) ત્રણેયમાંથી એક પણ નહીં

૧૫ નીચેનામાંથી કયું ક્ષેત્ર ભારતીય અર્થવ્યવસ્થામાં સંપૂર્ણ ખાનગીક્ષેત્ર છે ?
(અ) વાહન વ્યવહાર (બ) પેટ્રોલિયમ
(ક) કૃષિ (ડ) રાસાયણિક ખાતર

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ**

૧૬ જુલાઈ :
વિશ્વના પ્રથમ એટોમીક બોમ્બનું અમેરિકામાં ૧૯૪૫માં ન્યુ મેક્સિકોના એલમોગોર્ડો પાસે પરીક્ષણ કર્યું (૧૯૪૫)
સ્વતંત્રતા સેનાની અરુણ અસફ અલીનો જન્મદિવસ (૧૯૦૮)
સદ્દામ હુસેન ઈરાકના રાષ્ટ્રપ્રમુખ બન્યા. (૧૯૭૯)
એપોલો-૧૧ જહોન કેનેડી સ્પેશ સેન્ટર ખાતેથી ચંદ્ર તરફ રવાના થયું (૧૯૬૯)

- ૧૭ જુલાઈ
  - નવલકતાકાર નંદશંકર તુલજાશંકર મહેતાનું નિધન (૧૯૦૫)
  - સ્પેનીશ સિવિલ વોર (યુદ્ધ)ની શરુઆત થઈ (૧૯૩૬)
  - ઈન્દુલાલ યાજ્ઞિકનું નિધન (૧૯૭૨)
  - સ્કોટીશ ફિલોસોફર એડમ સ્મિથનું અવસાન (૧૭૯૦)
- ૧૮ જુલાઈ
  - એડોલ્ફ હીટલર દ્વારા લખાયેલા પોટીકલ મેનીફેસ્ટો 'મીન કેમ્ફ'નું પ્રકાશન થયું (૧૯૨૫)
  - સાઉથ આફ્રિકાના રાષ્ટ્રપ્રમુખ નેલ્સન મંડેલાનો જન્મદિવસ (૧૯૧૮)
  - મિસ વર્લ્ડથી સન્માનિત અભિનેત્રી પ્રિયંકાનો જન્મદિવસ (૧૯૮૨)
  - ભારતે પહેલો સેટેલાઈટ લોન્ચ કર્યો (૧૯૮૦)
- ૧૯ જુલાઈ
  - કથ્થક નૃત્યના કલાગુરુ લચ્છુ મહારાજનું નિધન (૧૯૭૮)
  - અંતરીક્ષ યાન સોયુઝ-૧૪ પૃથ્વી પર પરત આવ્યું (૧૯૭૪)
  - ઉત્તર ગુજરાત યુનિ.ના વડામથક તરીકે પાટણની પસંદગી થઈ (૧૯૮૪)
  - વૈજ્ઞાનિક જયંત નાર્લિકરનો જન્મદિવસ (૧૯૩૮)
- ૨૦ જુલાઈ :
  - ચંદ્રની ધરતી પર અમેરિકન અવકાસ યાત્રી નીલ આર્મસ્ટ્રોંગે પગ મૂક્યો.
  - વાઈકીંગ-૧ લેન્ડર એ મંગળની ધરતીને સ્પર્શ કર્યો (૧૯૭૬)
  - નોબેલ પારિતોષિક વિજેતા રેડિયોના શોધક મર્કોનીનું નિધન (૧૯૩૯)
- ૨૧ જુલાઈ
  - ગુજરાતી સુગમ સંગીતના પ્રણેતા અવિનાશ વ્યાસનું નિધન (૧૯૮૪)
  - દુનિયાનું સૌથી ઓછું તાપમાન - ૮૯.૨ સેલ્શિયસ એન્ટાર્કટીકાના વોસ્ટોક સ્ટેશન ખાતે નોંધાયું (૧૯૮૩)
  - નોબેલ પ્રાઈઝ સન્માનિત આફ્રિકન નેશનલ કોંગ્રેસના પ્રમુખ આલ્બર્ટ જહોન લુથહુલીનું અવસાન (૧૯૬૭)
  - સાહિત્યકાર ઉમાશંકર જોષીનું અવસાન (૧૯૮૮)
- ૨૨ જુલાઈ
  - જૈન વિધામનીષી દલસુખભાઈનો જન્મદિવ (૧૯૧૦)
  - ત્રિરંગા ઝંડોન ભારતના રાષ્ટ્રધ્વજ તરીકે અપનાવવામાં આવ્યો (૧૯૪૭)
  - જર્મન ખગોળશાસ્ત્રી ફીડરીચ વિલ્હીયમ બેસલનો જન્મદિવસ (૧૭૮૪)
  - નોર્વેના ઓસ્લો ટાપુ પર આતંકવાદી હુમલો થયો જેમાં ૭૭ લોકોનો જીવ ગયો (૨૦૧૧)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે તાજેતરમાં કોણે કાર્યભાર સંભાળ્યો?

જવાબ : જયરામ ઠાકુર (૨૦૧૭થી મુખ્યમંત્રી તરીકે ચાલું છે)

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) હાર્દિક મકવાણા : સે-૨૪ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) આકાશ ગોહિલ : સે-૫ (૫) નયન ડી વાઘેલા : સે-૨૩ (૬) ઋજિત રાવલ : સે-૭ડી

### આ સપ્તાહનો સવાલ

ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રીનું નામ શું છે?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# વાનરમાંથી બનેલા માણસના 'વાનર વેડા' સમજી શકાય... પણ...

## જે ગમે દેવ જગદીશ ને તે તણો ખરખરો ફોક કરવો !

હળવે હૈયે

પ્રકાશ લાલા



સોસાયટીમાં સાપ દેખાયો... હો.... હા, અફડાતફડી મચી ગઈ. ભારે ગભરાટ ફેલાયો : 'સાપને પકડો... સાપને કાઢો... સાપને ઝટ પકડો' એક જણે સૂચન કર્યું : 'પેલા કાલીદાસને બોલાવો સાપ પકડવા.'

આ સાંભળી એક વડીલે આશ્ચર્યથી પૂછ્યું : 'કાલીદાસને આવડે છે સાપ પકડતાં?'

સૂચન કરનારે જવાબ આપ્યો : 'એની તો ખબર નથી પણ એ કાલીદાસે ય બહુ ઝેરીલો છે તે ભલે બંને બાખડતા... આપણે તો સોસાયટીમાંતી બેમાંથી એક ઝેરી ઓછો થવો જોઈએ...!!' સમાજમાં સાપ જેવા ઝેરી-ડંખીલા લોકો ય હોય છે... એવા લોકો તેમની ઝેરી જબાનથી કેટલાયનું જીવવાનું ઝેર કરી મૂકતા હોય છે. ઝેર ઓકી ઓકીને સમાજનું વાતાવરણ દૂષિત કરવાનો એવા માણસોનો 'નેચર' હોય છે. એનાથી સૌ દૂર રહેવા ઈચ્છે છે. સાપ વિશેનો જોક યાદ આવવાનું કારણ આજે તા. ૧૬ જુલાઈ મતલબ, 'વર્લ્ડ સ્નેક' 'Snake' ડે - 'વિશ્વ સર્પ દિન' છે તે. સાપ વિશે લોકોમાં જે ખોટી માન્યતા અને ગેરસમજ પ્રવર્તે છે તે દૂર કરવા અને સર્પસૃષ્ટિના રક્ષણ-સંવર્ધન માટે ઉત્સાહી વન્ય પ્રાણી ચાહકો દ્વારા 'વિશ્વ સર્પ દિવસ' ઊજવવાં આવે છે. કુદરતે સર્જેલા લાખો જીવો પૈકીના એક સાપના જતન માટે આવો દિવસ ઉજવાય છે. તે સારું છે... એ જ રીતે જગતમાં વસતાં સર્પ સમાન વિષિલા - ઝેરી જનોના વિષશમન અર્થે - શુદ્ધિકરણ કાજે પણ આવો કોઈક ખાસ દિવસ મનાવાય તે જરૂરી નથી શું ? આમ તો આપણી ચોપાસ સસલા જેવું ગભરું, કબૂતર જેવા ભોળા જીવો વસે છે તો ગાય જેવા નરમ ને ભેંસ જેવા શિંગડે ચઢાવનારાય હોય છે... વાત વાતમાં 'વ્હાઉ... વ્હાઉ..., ભસનારા કૂતરા જેવા, કાગડા જેવા ચતુર, ઉંદર જેવા ફૂંકી ફૂંકીને ખોતરી ખાનારા ને શિયાળ જેવા લુચ્ચા 'સજ્જનો' કયાં નથી હોતા ! વાનરવેડા કરનારા એટલે કે ઝંપીને ન બેસનારા ચંચળવૃત્તિના ને એક ડાળેથી બીજી ડાળે કૂદકા મારતા રહેનારા થોડા ફાયદા માટે એક પોલિટિકલ પાર્ટીમાંથી બીજીમાં ને બીજીમાંથી ત્રીજીમાં ને પાછા પહેલીમાં 'જમ્પીંગ' કર્યા કરનારા જેવા સ્તો) ય જોવા મળે છે... પણ ઉત્ક્રાંતિવાદ કહે છે તેમ આપણે મૂળ વાનરમાંથી કાળક્રમે ઉત્ક્રાંતિ પામતા પામતા - બંદરમાંથી 'સબ બંદરકા વેપારી' જેવા મામસ બન્યા હોઈ આપણામાં થોડા 'વાનરવેળા' જોવા મળે એ સમજી શકાય.... પરંતુ આપણી માણસ જાતમાં ઉંદર, શિયાળ જેવો સ્વભાવ - એ ગુણો - કઈ રીતે આવતા હશે એ સમજવું અઘરું છે. અને આ સંશોધનનો વિષય પણ છે કે નહીં? જે ઈશ્વરે આપણને માનવ દેહ આપ્યો છે એજ ઈશ્વર આપણે ફક્ત માનવ બનીને જ રહીએ એવી સદ્બુદ્ધિ પણ આપે એવી પ્રાર્થના.

● ● ●

'પરંપરાગત રથયાત્રા તહેવાર છેવટે શાંતિથી સંપન્ન થઈ ગયો, હોં પનુભાઈ!' લાલાકાકાએ રીપોર્ટિંગ કર્યું. 'યસ અંકલ.... તહેવાર ઉજવાયો પણ જરા જુદી રીતે... નગરચર્યા કરવા નીકળેલાં શ્રીકૃષ્ણ, બલરામ ને સુભદ્રાજીનાં ભાવિકોએ 'દૂરદર્શન' કરીને સંતોષ માનવો પડ્યો.' 'પનુભાઈ, કોરોનાએ બધાંની લાઈફસ્ટાઈલ ચેન્જ કરી નાખી છે તો ભગવાનની પણ બદલાય જ ને!'

'શું?' 'હા... મહિનાઓ સુધી મંદિરો દેવદર્શન બંધ રહે એ પ્રભુની લાઈફસ્ટાઈળ બદલાઈ ગઈ જ કહેવાય કે નહીં?' 'અંકલ, મંદિરો બંધ રહ્યા તો એમ જ માની શકાય કે ઈશની જ હશે આ મરજી ? કેમ કે એની મરજી વિના તો કશું જ થતું નથી એ સનાતન સત્ય છે ને.' 'હા... વાત તો સાચી છે... મતલબ કે પનુભાઈ, જો ઈશ્વર ઈચ્છતા હોય કે મારાં દર્શનથી ભક્તે વંચિત ન રહે, રથયાત્રા જેવા ઉત્સવ પરંપરાગત રીતે જ ઊજવાય તો એમણે જ કોરોના મહામારી ના ફેલાવા દીધી હોત ખરું ને?' 'હા... અથવા તો આ પૃથઅવી, તમામ કુદરતી સંપદા સૌ જીવો માટે ભગવોન આપી છે એ વાત આપણે માણસો ભૂલી બેઠા ને કુદરત સામે પડકારો ફેંકતા થયા એટલે ભગવાને જ આપણને પાઠ ભણાવવા કોરોનાની મહામારી લાવ્યા હોય એમ ના બની શકે?' લાલાકાકાએ વિચારીને ઉત્તર વાળ્યો : 'સાચી વાત, પનુભાઈ... પણ જો પ્રભુ ઈચ્છતા હોય કે મંદિરો બંધ ન રહેવા જોઈએ, રથયાત્રાઓ પહેલાંની જેમ જ નીકળવી જોઈએ તો પહેલી લહેર પછી ઈશ્વરે જ બધું 'ઓલરાઈટ' કરી દીધું હોત ને...' 'હં' 'પણ જગત નિયંતા જગદીશ એમ નહીં ઈચ્છતા હોય તેથી જ બીજી લ્હેર આવી ને ત્રીજીનો ડર ડોકિયાં કરે છે !!' 'એનો અર્થ તો સ્પષ્ટ છે કે અંકલ, કે આ સંજોગોમાં સંતો ને ભક્તોએ જેવી 'હરિની મરજી' ગણીને રથયાત્રા નીકાળવાનો હઠાગ્રહ નહોતો રાખવો જોઈએતો, બરાબર ? 'યસ.... જે ગમ્યું જગત ગુરુ દેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો...' ગાઈને પરિસ્થિતિને સ્વીકારી લેવામાં શાણપણ ને સૌનું હિત સમાયેલું હતું.' 'હશે...ઈશ્વર કૃપાએ રથયાત્રા હેમખેમ સંપન્ન થઈ, બીજું શું... પણ પનુભાઈ, સંખ્યાબંધ પોલીસ અધિકારીઓ ને જવાનોની ઉપસ્થિતિ જોઈ, 'દૂરદર્શન' પર રથયાત્રા નિહાળી રહેલા કોઈએ કોમેન્ટ કરી કે, 'આ જગન્નાથજીના મંદિરથી નહીં, પોલીસ લાઈનમાંથી નીકળેલી રથયાત્રા હોય એવું લાગે છે!!' 'હા...અંકલ, એ તો ટ્વિટર પર પોતાના લાખો ફોલોઅર્સ છે એમ દાવો કરનારા 'લોકપ્રિય' લોકનેતાજીની કે લાખો ભક્તોના વંદનીય મહંતશ્રીની એક અપીલને માન આપી, પ્રજા સ્વયં શિસ્ત પાળી, ઘરમાં રહેતી થશે ત્યારે આ બધામાં કડક પોલીસ બંદોબસ્ત - કરફ્યુ વગેર જશે...' 'એ સાચું કીધું... પણ પનુભાઈ, એવા અચ્છે દિનની તો વાટ જ જોવી રહી ને !'

● ● ●

'આગામી ચાર દિવસ રાજયમાં સર્વત્ર ભારેથી અતિ ભારે વરસાદ પડશે...' એવી આગાહી કરનાર હવામાન શાસ્ત્રીને ત્યાં ગયેલા એમના મિત્રે પૂછયું : 'શું કરો છો? પૂજા ચાલે છે?' 'હા... વરુણ દેવ - મેઘરાજાની પૂજા કરી વિનવું છું કે તમે કૃપા કરજો,.. આવજો ને આ વખતે તો મારી આગાહીની લાજ રાખજો!!'